## રાજ્યમાં વધુ ૩૯૪ નવા કેસ : અમદાવાદમાં ૨૮૦ : ગાંધીનગરમાં ૨૨

**નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો, ને તોય શક્તિ દીધાં કરે; ધૂળમાંથી કનક કરી દેતો, અજબ તારી લીલા ખરે**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૦ | ૧૦ મે, ૨૦૨૦, રવિવાર; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારતની સ્થિતિ અમેરિકા-બ્રિટન કરતાં સારી છે

## કુલ સંક્રમિતોનો આંકડો ૫૯૬૯૫એ પહોંચ્યો, કુલ મૃત્યુઆંક ૧૯૮૫ સ્થિતિ બગડશે તો પણ તેની સામે લડવા માટેની પુરી તૈયારી છે

નવી દિલ્હી,તા.૯

દેશમાં કોરોના મહામારી રોગચાળામાં અત્યાર સુધી ૫૯,૬૯૫ લોકો સંક્રમિત થયા છે અને ૧,૯૮૫ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ૧૭,૮૮૭ લોકો સારવાર બાદ સાજા થયા છે. સૌથી વધારે સંક્રમિતો ધરાવતા મહારાષ્ટ્રમાં દર્દીઓનો આંકડો ૧૯ હજારને પાર પહોંચ્યો છે. તો બીજા નંબરે ગુજરાતમાં ૭,૪૦૩ લોકો સંક્રમિત થયા છે. પંજાબ સરકારે રાજ્યની તમામ શાળામાં પરીક્ષા વગર જ પાંચમા અને ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓને બીજા ધોરણમાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે.

કોરોના વાઈરસનું સંક્રમણ દેશના ૨૯ રાજ્યોમાં ફેલાયું છે. ૭ કેન્દ્ર શાસિત પ્રદેશ આના સંકજામાં આવી ગયા છે. જેમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, જમ્મુ-કાશ્મીર, લદાખ, પુડુચેરી અને દાદરા નગર હવેલી સામેલ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કહ્યું કે, ભારતમાં કોરોના સંક્રમણની સ્થિતિ અમેરિકા-બ્રિટન જેવા વિકસિત દેશની જેમ એટલી ખરાબ થવાની શક્યતા નથી, પરંતુ સ્થિતિ બગડશે તો પણ તેની સામે લડવા માટેની પુરી તૈયારી છે. તેમણે કહ્યું કે, આપણા અહીંયા કોરોનાથી મૃત્યુ દર સતત ૩.૩ ટકા રહ્યો છે. રિકવરી રેટ વધીને ૨૯.૯ દિવસ થઈ ગયો છે. આ ઘણા સારા સંકેત છે. સંક્રમણના કેસ બમણા થવાની સ્થિતિ ૧૧ દિવસ થયા છે.

# ડિસ્ચાર્જ બાદ ૭ દિવસ ઘરે જ આઈસોલેશન ફરજિયાત

**કોરોના સંકટમાં દર્દીઓ માટે રાહતના સમાચાર : ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર : કોવિડ કેયર ફેસિલિટીથી ડિસ્ચાર્જ થતા પહેલા જો કોઈ સમયે દર્દીનું ઓક્સીજન સેચુરેશન ૯૫ ટકાથી નીચે આવે તો તેને ડેડિકેટેડ કોવિડ કેર ફેસિલિટીમા દાખલ કરાશે**

કોરોના વાયરસ સંક્રમિત દર્દીઓના રિકવર થયા બાદ ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય (ર્સ્ઁઁહ્લઉ)એ શનિવારે સવારે નવી પોલિસી જાહેર કરી છે. નવા ફેરફારો મુજબ, હળવા કેસેમાં ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટિંગની જરરીયાતને સમાપ્ત કરી દેવામાં આવી છે. દર્દીમાં લક્ષણ ન દેખાવા અને સ્થિતિ સામાન્ય લાગવા પર ૧૦ દિવસની અંદર હોસ્પિટલમાંથી રજા આપી શકાય છે. ડિસ્ચાર્જ થયા બાદ દર્દીએ હવે ૧૪ દિવસની જગ્યાએ ૭ દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે. ૧૪માં દિવલે ટેલી-કોન્ફરન્સ દ્વારા દર્દીનું ફોલો-અપ લેવામાં આવશે.

એવા દર્દી જેમાં કોરોનાના લક્ષણ નથી/ ખૂબ નજીવા છે, તેમને કોવિડ કેયર ફેસિલિટીમાં રખાશે. જ્યાં તેમને રેગ્યુલર ટેમ્પ્રેચર ચેક અને પલ્સ ઓક્સિમેટ્રી મોનટરિંગમાંથી પસાર થવું પડશે. જો ત્રણ દિવસ સુધી દર્દીને તાવ આવતો નથી તો દર્દીને ૧૦ દિવસ બાદ ડિસ્ચાર્જ કરી શકાય છે. તેની પહેલાં ટેસ્ટિંગની જરૂર પડશે નહીં. ડિસ્ચાર્જના સમયે દર્દીને ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવાનું કહેવાશે. ડિસ્ચાર્જ પહેલાં જો કયારેય ઓક્સિજન સેચુરેશન ૯૫ ટકાથી નીચે જાય છે તો દર્દીને ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટરમાં લઈ જવાશે.

થોડા ગંભીર લક્ષણ વાળા દર્દીઓને ડેડિકેટેડ કોવિડ હેલ્થ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાનો ગ્રાફ જલ્દી રિવર્સ થશે : હર્ષવર્ધન

**હવે સ્વદેશી ટેસ્ટિંગ કીટ દ્વારા પરીક્ષણ કરવામાં આવશે : અનેક લોકો રસી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જલ્દી સફળતા પણ મળી જશે : સંપર્ક ટ્રેસિંગના કારણે વધુ કેસો થઇ રહ્યા છે : હર્ષવર્ધન**

નવી દિલ્હી, તા. ૯

મે મહિનામાં કોરોના કેસમાં વધારો દેશ માટે ચિંતાનું કારણ બની રહ્યું છે. દરમિયાન આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધનનું નિવેદન રાહત છે. કોઈ ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં, થોડા અઠવાડિયામાં, કોરોના ગ્રાફ ફક્ત સપાટ જ નહીં, પણ ઉલટું થશે. તેમણે જણાવ્યું હતું કે, વધતા જતા પરીક્ષણના અવકાશ અને સંપર્ક ટ્રેસિંગમાં વધારો થવાને કારણે આજકાલ વધુ કેસો આવી રહ્યા છે. આરોગ્ય પ્રધાને કહ્યું, આજે દેશમાં લગભગ ૫૬ હજાર લોકોને ચેપ લાગ્યો છે. ૧૮૦૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૧૭ હજાર લોકો સ્વસ્થ થઈ ઘરે પાછા ફર્યા છે. અમારો વસૂલાત દર ૩૦ ટકા છે. વસ્તી ૧૩૫ કરોડ એટલે કે વિશ્વના ૨૦ દેશોની સમકક્ષ છે. નાના દેશોમાં પણ આપણને વધુ કેસો અને મૃત્યુ થયા છે. ભારત



વિશ્વની બાકીની સરખામણીએ ઘણું સારું પ્રદર્શન

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૦૫૪૧૮૯ | ૨૭૭૮૦૫ | ૧૨૮૮૨૧૩ |
| ભારત | ૬૨૫૨૧ | ૨૦૮૯ | ૧૯૦૦૨ |
| ગુજરાત | ૭૭૯૭ | ૪૭૨ | ૨૦૯૧ |
| ગાંધીનગર | ૧૧૯ | ૦૬ | ૨૦ |

# હું સ્વસ્થ છું, મને કોઈ રોગ નથી : અમિત શાહ

**શાહે તબિયત અંગે ફેલાતી અફવો પર બ્રેક મુકી : કામમાં વ્યસ્ત હોવાથી અટકળ પર ધ્યાન નહોતુ આપ્યું**



નવી દિલ્હી, તા. ૯

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તેમની નબળી તબિયત અંગે સોશ્યલ મીડિયા પર ચાલી રહેલી અટકળો, અફવાઓનો અંત લાવ્યો છે અને કહ્યું છે કે તે સંપૂર્ણ સ્વસ્થ છે. તેણે કહ્યું કે મને કોઈ રોગ નથી. હું સવારથી મોડી રાત સુધી મારા કામમાં વ્યસ્ત છું. તેમણે એમ પણ કહ્યું કે, હું મારા મૃત્યુ માટે પ્રાર્થના કરનારાઓનો પણ આભાર માનું છું. શાહે ટ્વિટર પર એક સંદેશમાં જણાવ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોથી કેટલાક મિત્રોએ સોશિયલ મીડિયા દ્વારા મારા સ્વાસ્થ્ય અંગે અનેક ઉશ્કેરણીજનક અફવાઓ ફેલાવી છે. ઘણા લોકોએ પણ મારા મોત માટે ટ્વિટ કર્યું છે. દેશ હાલમાં કોરોના જેવા વૈશ્વિક રોગચાળા સામે લડી રહ્યો છે અને દેશના ગૃહ પ્રધાન તરીકે મોડી રાત સુધી મારા કામમાં વ્યસ્ત હોવાને કારણે મેં આ બધા તરફ ધ્યાન આપ્યું નહીં. જ્યારે મને ધ્યાનમાં આવ્યું, મેં વિચાર્યું કે આ બધા લોકો તેમના કાલ્પનિક વિચારોની મજા લેતા રહે છે, તેથી મેં કોઈ સ્પષ્ટતા આપી નથી. પરંતુ મારા પક્ષના લાખો

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- ઈવાન્કા ટ્રમ્પના પર્સનલ આસીસ્ટન્ટ કોરોના પોઝિટિવ
- અમિત શાહ સંદર્ભે સોશીયલ મિડિયામાં અફવા ફેલાવનાર ૪ શખ્સોને અમદાવાદ ક્રાઈમે પકડી લીધા.
- અમદાવાદના કમિશનર વિજય નેહરાનો રિપોર્ટ નેગેટિવ આવતા તેઓ ટૂંક સમયમાં પુનઃ કામગીરીમાં જોડાશે.
- કેબિનેટ સચિવ રાજીવ ગૌબા આવતીકાલે ૧૦ કલાકે તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને આરોગ્ય સચિવો સાથે વિડિયો કોન્ફરન્સ કરશે.
- સમરસ હોસ્ટેલ કોવિડ કેર સેન્ટર અમદાવાદના ૯૮૫ દર્દી પૈકી ૨૧૩ સ્વસ્થ થઈ ગયા.
- મહારાષ્ટ્ર સરકાર આગામી શૈક્ષણિક વર્ષમાં કોઈ ફી વધારો કરશે નહિ.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૦૨૨૮ |
| ગુજરાત | ૭૭૯૭ |
| દિલ્હી | ૬૫૪૨ |
| તામીલનાડુ | ૬૫૩૫ |
| રાજસ્થાન | ૩૬૯૫ |
| મધ્યપ્રદેશ | ૩૪૫૭ |
| ઉત્તરપ્રદેશ | ૩૨૧૪ |

# વિશ્વની દિગ્ગજ કંપની વિસ્ટાનનું ૧૧૩૬૭ કરોડનું જિઓમાં રોકાણ

**હવે ડિજિટલ દુકાનો પર મંડરાઈ રહ્યો છે જીઓનો ખતરો : ફેસબુક ૪૩૫૩૪ કરોડ, સિલ્વર લેક ૫૬૫૫ કરોડ અગાઉ લગાવ્યા છે : જિયો સાથે એક પછી એક દિગ્ગજ કંપનીઓ જોડાઈ રહી છે**

નવી દિલ્હી, તા. ૯

પહેલા ફેસબુકે ૪૩,૫૩૪ કરોડ રૂપિયા, પછી સિલ્વરે લેકએ ૫૬૫૫ કરોડ રૂપિયા અને હવે વિસ્ટાએ ૧૧,૩૬૭ કરોડ રૂપિયા જિઓમાં લગાવ્યા છે. લોકડાઉનમાં ઘણી બધી કંપનીઓ પોતાનો બિઝનેસ બંધ કરીને બેઠી છે, પરંતુ જિયો પ્લેટફોર્મ્સ સાથે એક પછી એક દિગ્ગજ કંપનીઓ જોડાતી જઈ રહી છે. સવાલ એ છે કે, કેટલાક દિવસો અગાઉ સુધી તો એવું કંઈ ન હતું. આ અચાનક લોકડાઉનમાં મુકેશ અંબાણીને શું સૂઝ્યું કે તેઓ દિગ્ગજ કંપનીઓ સાથે ડીલ કરતા જઈ રહ્યા છે ? સપ્ટેમ્બર ૨૦૧૬માં જ્યારે મુકેશ અંબાણીએ રિલાયન્સ જિઓ લોન્ચ કરી હતી, તો શું થયું હતું તે બધાને યાદ જ હશે. ટેલિકોમ કંપનીઓમાં પ્રાઈસ વોર શરૂ થઈ ગયું હતું. જેના કારણે આજે ડેટા ઘણો સસ્તો થઈ ગયો છે. જે રીતે જિઓએ ટેલિકોમ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી હતી એમ લાગી રહ્યું છે હવે તે ડિજિટલ વર્લ્ડમાં કોઈ હલચલ લાવવાની તૈયારીમાં છે. હાલના સમયમાં ગૂગલ પે, ફાન પે, પેટીએમ જેવા વોલેટ ઘણા ચાલી રહ્યા છે. રિયાલન્સ જિઓએ પણ જિયો મની નામનું એક વોલેટ શરૂ કર્યું હતું. પરંતુ તેનો ઉપયોગ કરનારા દેખાયા નહીં. તો શું તમને એમ લાગે છે કે, જે મુકેશ અંબાણીની રિલાયન્સ જિઓ ધૂંઆધાર ચાલી રહી છે. જેણે ઘણી કંપનીઓ પણ બંધ કરાવી દીધી, તેમની જિયો મની ઠપ થઈ ગઈ ? તેની શક્યાત ઓછી જ છે. જે રીતે એક પછી એક તમામ કંપનીઓ જિઓ પ્લેટફોર્મ્સમાં રોકાણ કરી રહી છે. તેનાથી લાગે છે કે તે ફરી એકવખત વોલેટ તરફ વધશે.

# વિશ્વમાં કેસોની સંખ્યા ૪૦૩૩૨૮૬ પહોંચી : ગંભીર દર્દીમાં ઘટાડો

નવી દિલ્હી,તા.૯

દુનિયાભરમાં કોરોના કહેર યથાવત જારી રહ્યો છે. વિશ્વના ૨૧૦ દેશોમાં સતત કેસોની સંખ્યા વધી રહી છે. કોરોના વાયરસને ફેલાવવામાં ચીનના વુહાન શહેરની ભુમિલાને લઈને અમેરિકાએ ડબલ્યુએચઓ પર ચીનનો પક્ષ લેવાનો આક્ષેપ કર્યો હતો. આ સંદર્ભે ડબલ્યુએચઓએ પ્રતિક્રિયા પણ આપી હતી. કોરોના વાયરસને લઈને વિશ્વએ ચીન પર આરોપ લગાવ્યો હતો કે, પોતાના ત્યાં વાયરસને ફેલાતો રોકવાના પ્રયાસો યોગ્ય રીતે થઈ રહ્યા નથી. વિશ્વભરમાં કોરોના વાયરસનાના કેસોની સંખ્યા વધીને ૪૦૩૩૨૮૬ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૦ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૩૯૯૮૯૮ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૩૫૬૭૦૬ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૭૬૬૮૨ ઉપર પહોંચી રહ્યો



છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૮૧૭૩ પર પહોંચી ચુકી છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે.

# પ્રતિબંધો સાથે ૧૭મી બાદ લોકડાઉન ખોલવાની શક્યતા

**સરકારે તૈયારી શરૂ કરી : નવા ઝોનની યાદી બે ત્રણ દિવસમાં બહાર પડશે, ૧૫મીએ નિર્ણય લેવાશે : સેનીટેશન અને ડીસ્ટન્સીંગના આકરા નિયમો સાથે છૂટછાટ મળશે, પબ્લિક ટ્રાન્સપોર્ટ ખુલશે પરંતુ આકરા નિયમો સાથે હશે,હવાઈ સેવા પણ શરૂ થશે,સરકારી અને ખાનગી ઓફિસોમાં હેન્ડ સેનેટાઈઝર ફરજીયાત બનશે**

નવી દિલ્હી,તા.૯

કોરોના વાયરસનો સામનો કરવા હાલમાં દેશ લોકડાઉનના ત્રીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. લોકડાઉન-૩ના ૧૪ દિવસના આ લોકડાઉનમાં સરકારે કેટલીક રાહતો પણ આપી છે. લોકડાઉન ૩.૦મા સરકારે દેશને રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં વહેંચેલ છે. લોકડાઉન ૩.૦નો ગાળો ૧૭મીએ પુરો થઈ રહ્યો છે. હવે કેન્દ્ર સરકાર લોકડાઉન પુરૂ થયા બાદના પ્લાન ઉપર આગળ વધી રહી હોવાનું જાણવા મળે છે.

સરકાર દ્વારા દરેક જિલ્લાની સ્થિતિ પર અભ્યાસ ચાલુ છે અને રાજ્ય સરકારો સાથે ચર્ચા બાદ એકાદ બે દિવસની અંદર ત્રણેય ઝોનની નવી યાદી બહાર પડે તેવી શકયતા છે. સરકાર લોકડાઉન પુરૂ થયા પછી સ્થિતિને થાળે પાડવા માટે વિવિધ પ્રવૃતિની નેગેટીવ લીસ્ટની એક યાદી પણ તૈયાર કરી રહ્યુ છે. સરકાર એવો પ્લાન ઘડે છે કે અર્થતંત્ર પણ દોડતુ રહે અને લોકોને મુશ્કેલી પણ ન પડે. સરકારે જાહેર કર્યા અનુસા,ર અત્યારે ૧૩૦ જિલ્લા રેડ, ૨૮૪ ઓરેન્જ અને ૩૧૯ ગ્રીન ઝોનમાં છે. જો કે છૂટ બાદ અમુક વિસ્તારોમાં કોરોનાના કેસ વધ્યા છે. આવતા થોડા દિવસોમાં ત્રણેય ઝોનની સંશોધીત યાદી જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. અત્યાર સુધીમાં ૨૧૬ જિલ્લા એવા છે જ્યાં હજુ સુધી એક પણ કેસ નોંધાયા નથી. ૩૬ જિલ્લા એવા છે જ્યાં છેલ્લા ૧૪ દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. ૪૬ જિલ્લા એવા છે જ્યાં સાત દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. સરકાર હવે ૧૭મી પછીનો એક સરળ એક્ઝીટ પ્લાન બનાવી રહી છે. પીએમઓ ૧૫મી તારીખની

● અનુસંધાન પાન-૭ પર